# નાગરિક અધિકારપત્ર

## ગુજરાત જાહેર સેવા આયોગ

**પહેલો માળ, બહુમાળી મકાન,**

**લાલદરવાજા, અમદાવાદ-૩૮૦ 00૧**

પ્રકાશન વર્ષ : ૨૦૦૪

કિંમત : વિના મૂલ્ય

# ગુજરાત જાહેર સેવા આયોગ

## નાગરિક અધિકારપત્ર

**આયોગની રચનાનો ઉદેશ :**

ગુજરાત જાહેર સેવા આયોગ બંધારણની કલમ-૩૨૦ હેઠળની જોગવાઈ અન્વયે રચાયેલ એક સ્વાયત્ત સંસ્થા ( AUTONOMUS ) છે. રાજ્યના વહીવટમાં ઉચ્ચ હોદાઓ પર યોગ્ય ઉમેદવારોની નિષ્પક્ષ અને સ્વતંત્ર રીતે પસંદગી થઈ શકે તે હેતુથી રાજ્ય સેવા આયોગની રચના કરવાની બંધારણમાં જોગવાઈ થયેલ છે.

**આયોગ દ્વારા કરવામાં આવતી કામગીરી :**

બંધારણની કલમ ૩૨૦ ની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા રાજ્યની સેવાઓમાં નિમણૂક માટે પરીક્ષાઓ લેવી, જુદી જુદી મુલ્કી સેવાઓ પર ભરતીની પદ્ધતિને લગતી બાબતો, બઢતીઓ અને બદલીઓ માટે ઉમેદવારોની યોગ્યતા, સરકારી કર્મચારીઓને સ્પર્શતી શિસ્ત વિષયક બાબતો, સરકારી કર્મચારીઓને ઈજા પેન્શન આપવાના હક્કદાવા વગેરે કાર્યવાહીનો સમાવેશ થાય છે. જેની સંક્ષિપ્ત વિગતો નીચે મુજબ છે :-

(૧) આયોગ દ્વારા (ક) **સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ભરતી તથા (ખ) સીધી પસંદગી દ્વારા ભરતી** એમ બે પદ્ધતિ દ્વારા ભરતીની કાર્યવાહી થાય છે.

(ક) **સ્પર્ધાત્મક પરીક્ષા** :-

સ્પર્ધાત્મક પરીક્ષા ભરતી નિયમોની જોગવાઈ અનુસાર નીચે મુજબ ચાર પદ્ધતિથી લેવાય છે :

૧) લેખિત પરીક્ષા,
૨) લેખિત પરીક્ષા અને રૂબરૂ મુલાકાત,
૩) લેખિત પરીક્ષા અને કૌશલ્ય કસોટી,
૪) લેખિત પરીક્ષા, કૌશલ્ય કસોટી અને રૂબરૂ મુલાકાત.

**સ્પર્ધાત્મક પરીક્ષામાં મુખ્યત્વે** :-

૧) ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧ અને વર્ગ-૨,
૨) ગુજરાત ઈજનેરી સેવા (સિવિલ), વર્ગ-૧ અને વર્ગ-૨,
૩) ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ગુજરાતી / અંગ્રેજી / હિંદી પ્રતિવેદક, વર્ગ-૨,
૪) ગુજરાતી / અંગ્રેજી સ્ટેનોગ્રાફર,
૫) નાયબ સેકશન અધીકારી, નાયબ મામલતદાર અને વેચાણવેરા નિરીક્ષક,
૬) રેન્જ ફોરેસ્ટ ઓફીસર,
૭) કાયદા મદદનીશ અને,
૮) ભાષાંતરકારની જગ્યાનો સમાવેશ થાય છે.

સ્પર્ધાત્મક પરીક્ષાની જાહેરાત સરકારશ્રી તરફથી માંગણીપત્રક મળ્યા બાદ આયોગ દ્વારા અગ્રગણ્ય વર્તમાનપત્રોમાં આપવામાં આવે છે. આ પરીક્ષામાં ઉમેદવારોની અરજીઓની ચકાસણી કર્યા સિવાય તેઓ જાહેરાતની જોગવાઈઓ સંતોષતા હશે તે શરતે કામચલાઉ પ્રવેશ આપવામાં આવે છે અને લેખિત પરીક્ષામાં આયોગ દ્વારા યથાસમયે નિયત થયેલ લાયકી ધોરણ ( Qualifying Standard ) માં આવતાં ઉમેદવારોની અરજીઓની જાહેરાતની જોગવાઈ અનુસાર ચકાસણી કરવામાં આવે છે અને તે તબક્કે જો કોઈ પાત્રતા ધરાવતા ન હોય તો તેનો પ્રવેશ રદ કરવામાં આવે છે અને આ પરીક્ષાનું આખરી પરિણામ ભરતી નિયમોની જોગવાઈને અનુસરીને જાહેરાતમાં નિર્દિષ્ટ જુદી જુદી કક્ષાની જગ્યાઓની સંખ્યાને ધ્યાને લઈને આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે. આયોગ દ્વારા લેવામાં આવતી જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાની માહિતી પુસ્તિકા આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી નિયત કિંમત ચૂકવીને મેળવી શકાય છે.

(ખ) **સીધી ભરતી** :

સ્પર્ધાત્મક પરીક્ષા સિવાય વર્ગ-૧ અને ૨ ની જુદી જુદી જગ્યાઓની ભરતી સીધી ભરતી મારફત કરવામાં આવે છે. સીધી ભરતીમાં રૂબરૂ મુલાકાત મારફત પસંદગી કરવામાં આવે છે પરંતુ જયાં જગ્યાના પ્રમાણમાં અરજીઓની સંખ્યા વધુ હોય ત્યારે આયોગ દ્વારા રૂબરૂ મુલાકાત માટે ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરવા હેતુલક્ષી કસોટી યોજવામાં આવે છે. અને આ

પરીક્ષાના ગુણ આખરી પસંદગીમાં ગણતરીમાં લેવામાં આવતા નથી. સીધી ભરતીમાં મુખ્યત્વે આરોગ્ય વિભાગ હેઠળની પ્રાધ્યાપક, સહપ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક, ટયુટર, સર્જન, તબીબી અધિકારી, તજજ્ઞોનો સમાવેશ થાય છે. શિક્ષણ વિભાગમાં ઈજનેરી કોલેજ તથા પોલીટેકનીક ખાતેના જુદા જુદા વિષયના વ્યાખ્યાતાઓ તેમજ સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજના વ્યાખ્યાતાઓ તથા જિલ્લા શિક્ષણાધિકારી અને તેની સમકક્ષ જગ્યાઓ. કૃષિ અને સહકાર વિભાગમાં ખેતીવાડી અધિકારી અને તેની ઉચ્ચ કક્ષાની જગ્યાનો સમાવેશ થાય છે. આજ રીતે જુદા જુદા વિભાગોની વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓનો સીધી ભરતીમાં સમાવેશ કરવામાં આવે છે.

(૨) **<u>સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ભરતી તથા સીધી ભરતી અંગેની માહિતી :-</u>**

**(અ) જાહેરાત :-**

સરકાર તરફથી માંગણીપત્રક મળ્યા બાદ ભરતી નિયમોની જોગવાઈને ચકાસીને આયોગ દ્વારા સામાન્યતઃ દર માસની પહેલી તારીખે અગ્રગણ્ય વર્તમાનપત્રોમાં જાહેરાત આપવામાં આવે છે. આ ઉપરાંત દૂરદર્શન ઉપર પણ જાહેરાતની નકલ આપવામાં આવે છે.

**(બ) અરજીપત્રક :-**

અરજીપત્રક માત્ર આયોગની કચેરીમાંથી જ મળે છે, જેની ઝેરોક્ષ નકલ માન્ય રાખવામાં આવતી નથી. અરજીપત્રક આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં નિયત થયેલ રકમ ચૂકવીને મેળવી શકાય છે અગર જાહેરાતમાં દર્શાવેલ હોય તે અનુસાર ટપાલ દ્વારા પણ મેળવી શકાય છે.

**(ક) પરીક્ષા ફી :-**

બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની પરીક્ષાની ફી ભરવાની રહેશે જયારે મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારો તથા શારીરિક વિકલાંગ ઉમેદવારોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

**(ડ) સ્પર્ધાત્મક પરીક્ષાના ગુણપત્રક તથા ગુણની પુનઃચકાસણી :-**

ઉમેદવારને તેના પરીણામ અંગે તેણે મેળવેલ ગુણ અંગે કોઈ પ્રશ્ન હોય તો નિયત ફી ભરીને ગુણની પુનઃચકાસણી કરાવી શકે છે. જાહેરાતમાં આપવામાં આવેલ જોગવાઈ અનુસાર પરિણામ પ્રસિદ્ધ થયા બાદ જે તે સમયમર્યાદામાં આ કાર્યવાહી કરાવી શકાય છે. ગુણપત્રક પણ જાહેરાતમાં નિયત કરેલ ફી ભર્યેથી નિયત સમયમર્યાદામાં અરજી કરવાથી મળી શકે છે. લેખિત પરીક્ષામાં જવાબવહીનું પુનઃમૂલ્યાંકન **( Reassessment )** કરવામાં આવતું નથી.

**(ઈ) આયોગની જાહેરાત સંદર્ભે માહિતી :-**

આયોગની કચેરીમાં માહિતી મદદનીશની જગ્યા ઉભી કરવામાં આવેલ છે જેઓ કાઉન્ટર ઉપર રૂબરૂમાં અથવા ફોન નંબર ૨૫૫૦૭૭૩૭ દ્વારા જાહેરાત, રૂબરૂ મુલાકાત, પરીક્ષાનો કાર્યક્રમ, પરિણામ વિગેરેની ઉપલબ્ધ માહિતી આપે છે.

(૩) **<u>શિસ્ત વિષયક સલાહ</u> :-**

સરકારી કર્મચારી / અધિકારીઓ વિરૂદ્ધ શિસ્ત વિષયક બાબતો અંગે આખરી શિક્ષા કરતાં પૂર્વે આયોગને આવા અધિકારી / કર્મચારીનું સંલગ્ન રેકર્ડ મોકલીને આયોગનો અભિપ્રાય સરકારશ્રી દ્વારા મેળવવામાં આવે છે. આયોગની કચેરી દ્વારા સંબંધિત રેકર્ડનો અભ્યાસ કર્યા બાદ સરકારશ્રી દ્વારા ઠરાવેલ શિક્ષા અંગે સમર્થન અથવા તેમાં વધ-ઘટ કરવાની યોગ્ય તે સલાહ આપવામાં આવે છે. આમ, આયોગ સ્વાયત્ત સંસ્થા હોઈ, તેનો અભિપ્રાય તટસ્થ રીતે મેળવવામાં આવે છે કે જેથી કરીને શિસ્ત વિષયક કાર્યવાહીમાં કર્મચારી / અધિકારીને ગુણદોષના આધારે યોગ્ય તે ન્યાય મળી શકે.

(૪) **<u>પસંદગી યાદી</u> :-**

આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની જગ્યાઓમાં વર્ષ દરમ્યાન ખાલી પડનાર જગ્યાઓની સંખ્યા ઠીક ઠીક મોટી હોય ત્યારે બઢતીથી નિમણૂક આપવા માટે આયોગના પરામર્શમાં સરકાર દ્વારા અગાઉથી પસંદગી યાદી તૈયાર કરવામાં આવે છે અને જગ્યાઓ ખાલી પડે તેમ અને ત્યારે આ યાદીમાંથી અધિકારીઓને બઢતી આપવામાં આવે છે.

(૫) **<u>અરજદારની રજુઆત અંગે રૂબરૂ સંપર્ક</u> :-**

અરજદારની રજુઆત અંગે આયોગના સચિવશ્રીને કચેરી સમય દરમ્યાન બપોરના ૪ થી ૫ દરમ્યાન રૂબરૂ રજુઆત કરી શકાય છે. સચિવશ્રીનો ટેલીફોન નં.૨૫૫૦૭૩૮૯ છે. ઉમેદવારોની રજુઆતો અંગે યોગ્ય કાર્યવાહી ત્વરિત હાથ ધરાય તે માટે સંકલન અધિકારી તરીકે આર.એન્ડ ડી. શાખાના સેકશન અધિકારીની નિમણૂંક કરવામાં આવેલ છે. આથી ઉમેદવારોએ તેમની લેખિત રજુઆત આ સંકલન અધિકારીને કરવાની રહેશે.

# આયોગના વિવિધ કાર્યોની સમયમર્યાદા

| ક્રમ | વિગત | નિકાલની સમયમર્યાદા |
|---|---|---|
| | **-: સીધી ભરતી :-** | |
| (૧) | રૂબરૂ મુલાકાતના પત્રો રવાના કરવા | : રૂબરૂ મુલાકાતની તારીખ પહેલાં ઓછામાં ઓછા ૧૫ દિવસનો સમય મળે તે રીતે રવાના કરવાના રહેશે. |
| (૨) | રૂબરૂ મુલાકાતનું પરિણામ | : રૂબરૂ મુલાકાત પૂર્ણ થયા બાદ ૧૦ દિવસ સુધીમાં પ્રસિદ્ધ કરવાનું રહેશે. |
| (૩) | પરિણામ પ્રસિદ્ધ થયા બાદ સરકારને ભલામણ | : પરિણામની તારીખથી ૧૦ દિવસ સુધીમાં સરકારને ભલામણ કરવાની રહેશે. |
| (૪) | ભલામણપાત્ર / પ્રતીક્ષાયાદી પરના ઉમેદવારોને જાણ કરવી | : ભલામણપત્ર રવાનગી બાદ સાત દિવસ સુધીમાં ઉમેદવારોને જાણ કરવી |
| | **-: સ્પર્ધાત્મક પરીક્ષા :-** | |
| (૧) | લેખિત પરીક્ષાના પ્રવેશપત્રો રવાના કરવા | : પરીક્ષાની તારીખ પહેલાં ઓછામાં ઓછા પંદર દિવસ મળે તે રીતે રવાના કરવાના રહેશે. |
| (૨) | પ્રવેશપત્ર ન મળવા અંગે | : પ્રવેશપત્ર ન મળે તો પરીક્ષાની તારીખ પહેલાંના અઠવાડીયામાં જરૂરી પુરાવા / સાબિતી સાથે આયોગની કચેરીનો સંપર્ક સાધવાનો રહેશે. |
| (૩) | રૂબરૂ મુલાકાતના પ્રવેશપત્ર | : રૂબરૂ મુલાકાતની તારીખ પહેલાં ઓછામાં ઓછો ૧૫ દિવસનો સમય મળી રહે તે રીતે રવાના કરવાના રહેશે. |
| (૪) | આખરી પરિણામ | : રૂબરૂ મુલાકાત પૂરી થયા બાદ ૩૦ દિવસ સુધીમાં પ્રસિદ્ધ કરવાનું રહેશે. |
| (૫) | ગુણપત્રક | : ગુણપત્રક માટેની અરજી મળ્યા બાદ દસ દિવસમાં રવાના કરવાનું. |
| (૬) | ગુણની પુનઃચકાસણી | : ગુણની પુનઃચકાસણીની સમયમર્યાદા પૂરી થયા બાદ મોડામાં મોડા ૧૫ દિવસમાં પત્રો રવાના કરવાના રહેશે. |
| (૭) | ભલામણપત્ર | : ગુણની પુનઃચકાસણીની કાર્યવાહી બાદ આખરી પરિણામની પ્રસિદ્ધિની તારીખથી ૧૦ દિવસમાં પત્ર રવાના કરવાનો રહેશે. |
| (૮) | ભલામણપાત્ર / પ્રતીક્ષાયાદી પરના ઉમેદવારોને જાણ કરવા અંગે | : ભલામણની રવાનગી બાદ દસ દિવસ સુધીમાં પત્રો રવાના કરવાના રહેશે. |